પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૭૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૦૭-૨૦૨૪ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર ફાયરિંગ, ગોળી કાનને ટચ થઈને નીકળી, ઘણું લોહી વહી ગયું



વોશિગ્ટન,

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રંપની રેલી પર ગોળીબારની ઘટનાથી હડકંપ મચી ગયો છે. ગોળીબારમાં ડોનાલ્ડ ટ્રંપ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. હુમલા બાદ ટ્રંપનો ચહેરો લોહી લોહીવાળો થઈ ગયો હતો.ગોળી તેમના કાનને અડીને નિકળી ગઈ હતી ગોળી વાગતા તેમના કાનમાંથી ઘણુ લોહિ વહી ગયું હતું. ટ્રમ્પ પેન્સિલવેનિયામાં રેલી કરી રહ્યા હતા તે દરમિયાન આ ઘટના બની હતી. રેલીમાં તેમના પર એક બાદ એક ધડાધડ ગોળીઓ ચલાવવામાં આવી હતી. જોકે, હુમલાખોરોમાં સામેલ એકનું મૃત્યુ થયું છે અને એક ગંભીર હાલતમાં છે. અમેરિકન પોલીસ દ્વારા એક શૂટરને ઘટના સ્થળે જ ઠાર કરવામાં આવ્યો છે.ન

મળતી માહિતી પ્રમાણે, પેન્સિલ્વેનિયાના બટલરમાં એક રેલી દરમિયાન ટ્રંપને ગોળી વાગી છે. જ્યારે તે બટલરમાં સ્ટેજ પર બોલી રહ્યા હતા ત્યારે જોરદાર ધડાકો સંભળાયો અને ગોળીબાર થયો હતો ટ્રંપ નીચે ઝૂકી ગયા. જોકે સિક્રેટ સર્વિસના એજન્ટ ટ્રંપને કવર કરવા માટે તરત જ પહોંચ્યા હતાં. જ્યારે એજન્ટોએ ટ્રંપને સંભાળ્યા અને તેમને ઊભા કરવામાં મદદ કરી, ત્યારે ટ્રંપના ચહેરા અને કાન પર લોહી દેખાતું હતું. આ દરમિયાન ટ્રંપે મુઠ્ઠી પકડીને હવામાં લહેરાવી હતી. આ પછી, સિક્રેટ એજન્ટો ટ્રંપને સ્ટેજ પરથી ઉતારી, કારમાં બેસાડી ત્યાંથી લઈ ગયા. સૂત્રોના જણાવ્યા અનુસાર એફબીઆઈ, સિક્રેટ સર્વિસ અને એટીએફ આ કેસની તપાસ કરી રહી છે.એવું કહેવાય છે કે એક શૂટર ભીડમાં હતો જ્યારે બીજો શૂટર ત્યાં એક બિલ્ડિંગની છત પર હાજર હતો. શૂટર ટ્રમ્પથી ૧૦૦ ફૂટ દૂર આવેલી બિલ્ડિંગની છત પર હતો. ત્યાંથી તેણે ટ્રમ્પ પર નિશાન સાધ્યું હતું. સિક્રેટ સર્વિસે બંને શૂટરોને મારી નાખ્યા છે. ગોળી માર્યા બાદ પણ ટ્રમ્પે નારા લગાવવાનું ચાલુ રાખ્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ પર ગોળીબાર બાદ ન્યૂયોર્કમાં સુરક્ષા સઘન કરી દેવામાં આવી છે.

આ ઘટનાને હત્યાના પ્રયાસ તરીકે તપાસવામાં આવી રહી છે. અમેરિકાની સિક્રેટ સર્વિસે કહ્યું છે કે ડોનાલ્ડ ટ્રંપ સુરક્ષિત છે અને તેમની આસપાસ સુરક્ષાના પગલા લેવામાં આવ્યા છે. બટલર કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એટર્ની રિચાર્ડ એ. ગોલ્ડિંગરે પુષ્ટિ કરી છે કે શૂટર માર્યો ગયો છે. આ સાથે રેલીમાં હાજર એક વ્યક્તિનું પણ મોત થયું છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને આ ઘટના અંગે પ્રેસ બ્રીફિંગ કરી હતી. તેમણે કહ્યું કે અમેરિકામાં આ પ્રકારની હિંસા માટે કોઈ સ્થાન નથી. આપણે એક દેશ તરીકે એક થવું જોઈએ અને તેની નિંદા કરવી જોઈએ. હું એ જાણીને ખુશ છું કે તે સુરક્ષિત છે. હું તેમના અને તેમના પરિવાર માટે અને રેલીમાં સામેલ દરેક વ્યક્તિ માટે પ્રાર્થના કરું છું. જીલ અને હું તેમને સલામતી સુધી પહોંચાડવા માટે સિક્રેટ સર્વિસના આભારી છીએ. અમેરિકામાં આ પ્રકારની હિંસા માટે કોઈ સ્થાન નથી. જો કે, અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી નજીક છે ત્યારે રાષ્ટ્રપતિ પદના મુખ્ય ઉમેદવારમાંથી એક ટ્રંપ પર હુમલો થતા માહોલ ગરમાયો છે.

જ્યારે ટ્રમ્પે ઘટના બાદ જણાવ્યું હતું કે 'હું યુનાઈટેડ સ્ટેટ્સ સિક્રેટ સર્વિસ અને તમામ કાયદા અમલીકરણ એજન્સીઓનો આભાર માનું છું કે જેમણે બટલર, પેન્સિલવેનિયામાં ગોળીબારમાં તરત જ પ્રતિક્રિયા આપી. હું રેલીમાં માર્યા ગયેલા વ્યક્તિના પરિવાર પ્રત્યે અને ઘાયલ થયેલા અન્ય વ્યક્તિના પરિવાર પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરવા માંગુ છું. આપણા દેશમાં આવું કૃત્ય થાય તે માનવામાં ન આવે. હાલમાં માર્યા ગયેલા હુમલાખોર વિશે કંઈ જાણવા મળ્યું નથી. મારા જમણા કાનના ઉપરના ભાગમાં ગોળી વાગી હતી. મને તરત જ સમજાયું કે કંઈક ખોટું છે કારણ કે મેં જોરથી બંદૂકની ગોળી સાંભળી અને તરત જ સમજાયું કે ગોળી ચામડીને વીંધી ગઈ છે. મને સમજાયું કે મને ઘણું લોહી વહી રહ્યું છે. ભગવાન અમેરિકા બચાવો!'

દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પ સાથે વાત કરી આ ઘટનાની નિંદા કરી છે. પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કહ્યું કે અમેરિકન લોકશાહીમાં રાજકીય હિંસા માટે બિલકુલ જગ્યા નથી. અમે હજુ પણ જાણતા નથી કે પેન્સિલવેનિયા રેલીમાં શું થયું હતું, પરંતુ અમે બધા એ જાણીને રાહતનો શ્વાસ લઈ શકીએ છીએ કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ ગંભીર રીતે ઘાયલ થયા નથી. ઓબામાએ કહ્યું, " આ સમયે આપણે આપણી રાજનીતિમાં શિષ્ટાચાર અને આદર માટે ફરીથી પ્રતિબદ્ધ થવું જોઈએ." મિશેલ અને હું તેના ઝડપી સ્વસ્થ થવાની ઈચ્છા રાખીએ છીએ.હું એ જાણીને ખુશ છું કે તે સુરક્ષિત છે. હું તેમના અને તેમના પરિવાર માટે અને રેલીમાં સામેલ દરેક વ્યક્તિ માટે પ્રાર્થના કરું છું.

અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે પણ આ ઘટનાને ઘૃણાસ્પદ ગણાવી છે. તેમણે કહ્યું કે દેશમાં આવી હિંસા માટે કોઈ સ્થાન નથી. કમલા હેરિસે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને કહ્યું કે, 'મને પેન્સિલવેનિયામાં પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પના કાર્યક્રમમાં ગોળીબારની માહિતી મળી છે. રાહત કે તેને ગંભીર ઈજા નથી. અમે તેમના માટે, તેમના પરિવારજનો અને આ અણસમજુ ગોળીબારમાં ઘાયલ થયેલા અને અસરગ્રસ્ત તમામ લોકો માટે પ્રાર્થના કરીએ છીએ. હેરિસે તેના ઝડપી પ્રતિસાદ માટે યુએસ સિક્રેટ સર્વિસનો પણ આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું, 'અમે યુનાઈટેડ સ્ટેટ્સ સિક્રેટ સર્વિસ, પ્રથમ પ્રતિસાદ આપનારા અને સ્થાનિક સત્તાવાળાઓની તાત્કાલિક કાર્યવાહી માટે આભારી છીએ. આપણા દેશમાં આ પ્રકારની હિંસા માટે કોઈ સ્થાન નથી. આપણે બધાએ આ દુ:ખદ કૃત્યની નિંદા કરવી જોઈએ અને તે વધુ હિંસા તરફ દોરી ન જાય તેની ખાતરી કરવા માટે અમારો ભાગ ભજવવો જોઈએ.

ચૂંટણી રેલી દરમિયાન અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલા પર ચિંતા વ્યક્ત કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સવારે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું કે તેઓ તેમના 'મિત્ર' ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાને લઈને ખૂબ જ ચિંતિત છે. તેમણે આ ઘટનાની નિંદા પણ કરી હતી. પીએમ મોદીએ ટ્વિટર પર લખ્યું, "મિત્રો, ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાથી હું ખૂબ જ ચિંતિત છું. હું આ ઘટનાની સખત નિંદા કરું છું. રાજનીતિ અને લોકશાહીમાં હિંસા માટે કોઈ સ્થાન નથી. હું તેમના ઝડપી સ્વસ્થ થવાની કામના કરું છું." વડાપ્રધાને આ ઘટનામાં માર્યા ગયેલા અને ઘાયલ થયેલા લોકોના પરિવારજનો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી હતી. "અમારી પ્રાર્થના અમેરિકન લોકો માટે બહાર જાય છે," તેમણે કહ્યું.

બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે. રાહુલે કહ્યું કે હું પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસથી ચિંતિત છું. આવી ઘટનાઓની આકરી ટીકા થવી જોઈએ. હું તેને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની ઈચ્છા કરું છું.

## બંગાળમાં ૫૦ લાખ હિંદુઓને લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા દેવામાં આવ્યું ન હતું, સુવેન્દુ અધિકારી



કોલકતા,

પશ્ચિમ બંગાળની ૪ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીએ જીત મેળવી છે. અગાઉ લોકસભા ચૂંટણીમાં પણ ટીએમસીએ ૨૯ બેઠકો જીતી હતી. પશ્ચિમ બંગાળમાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ રાજ્યમાં ચૂંટણી પછીની હિંસા પર મમતા સરકાર પર નિશાન સાધ્યું છે.

સુવેન્દુ અધિકારીએ કહ્યું, 'બંગાળમાં લોકશાહી મરી ગઈ છે. અમે આજથી જન આંદોલન શરૂ કર્યું છે. લોકસભા ચૂંટણીમાં લગભગ ૫૦ લાખ હિંદુઓને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. રાજ્યમાં યોજાયેલી ૪ પેટાચૂંટણીઓમાં ૨ લાખથી વધુ હિન્દુઓને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. હું એક પોર્ટલ શરૂ કરી રહ્યો છું. જેમને મતદાન કરવાની મંજૂરી ન હતી તેઓ પોતાની નોંધણી કરાવી શકે છે અને સંપૂર્ણ ગોપનીયતા સુનિશ્ચિત કરવામાં આવશે. હું કાનૂની લડાઈ પણ શરૂ કરીશ.

રાજ્યમાં ચૂંટણી પછીની કથિત અથડામણો સામે ભાજપના નેતા સુભેન્દુ અધિકારી અને પાર્ટીના કાર્યકરોએ રવિવારે રાજભવનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી અને તાપસ રોય, રુદ્રનીલ ઘોષ સહિત ભાજપના ૩૦૦ કાર્યકરોએ વિરોધમાં ભાગ લીધો હતો.

કલકત્તા હાઈકોર્ટે ભાજપને ૧૪ જુલાઈના રોજ સવારે ૧૦ વાગ્યાથી ચાર કલાક સુધી રાજભવનની બહાર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી આપી હતી. અધિકારીએ કલકત્તા હાઈકોર્ટમાં રાજભવનની બહાર વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી માંગી હતી. સુવેન્દુ અધિકારીએ કહ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અભિષેક બેનર્જીએ ગયા વર્ષે ૫ ઓક્ટોબરના રોજ આ જ જગ્યાએ આવા જ વિરોધનું નેતૃત્વ કર્યું હતું.

## અમેરિકન મોબાઈલ નેટવર્ક પ્રોવાઈડર કંપનીએ ડેટા ચોરીનો ખુલાસો કર્યો છે



વોશિગ્ટન,

અમેરિકન મોબાઈલ નેટવર્ક પ્રોવાઈડર એટીએન્ડટીએ ખુલાસો કર્યો કે ૨૦૨૨ માં, દ્વેષી હેકર્સે કંપનીના તમામ ૮ કરોડ વર્તમાન અને ભૂતપૂર્વ ગ્રાહકોનો ડેટા ચોરી લીધો હતો. હેકર્સે ૧ મે, ૨૦૨૨ અને ઓક્ટોબર ૩૧, ૨૦૨૨ વચ્ચે તેના તમામ ગ્રાહકોના કોલ અને ટેક્સ્ટ રેકોર્ડ્સ એક્સેસ કર્યા હતા. જો કે, કંપની દાવો કરે છે કે લીક થયેલા ડેટામાં કોઈનો સામાજિક સુરક્ષા નંબર, જન્મ તારીખ અથવા અન્ય વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી શામેલ નથી. એટીએન્ડટી કંપનીએ કહ્યું કે હેકર્સે થર્ડ પાર્ટી ક્લાઉડ પ્લેટફોર્મના વર્કસ્પેસમાંથી ડેટા મેળવ્યો હતો.

કંપનીના જણાવ્યા અનુસાર, તેને એપ્રિલમાં આ ગેરકાયદેસર પ્રવૃત્તિની જાણ થઈ હતી અને હવે તે આ મુદ્દે કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે કામ કરી રહી છે. આ કેસમાં અત્યાર સુધીમાં એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. આ સાથે એવો દાવો કરવામાં આવ્યો હતો કે હાલમાં આ લીક થયેલો ડેટા સાર્વજનિક રીતે ઉપલબ્ધ નથી.

સાયબર સિક્યોરિટી નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે ડેટામાં વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી ન હોય તો પણ, તે જે માહિતી આપે છે તે હેકર્સને વધુ ડેટા એક્સેસ કરવાની મંજૂરી આપે છે, જે છેતરપિંડીનું જોખમ વધારે છે. સાયબર સિક્યોરિટી કંપની આર્કિટક વુલ્ફના ડેન શિઆપ્પા કહે છે કે આવા હુમલા લોકોના નામ, ફોન નંબર, સરનામાં, નાણાકીય અને સામાજિક સુરક્ષા વિગતો સહિતની વ્યક્તિગત માહિતી મેળવવા માટે સક્ષમ બનાવે છે.

કંપનીએ કહ્યું કે આ ડેટા ભંગ આ વર્ષની શરૂઆતમાં થયેલા ડેટા ભંગ કરતા અલગ છે. આ વર્ષની શરૂઆતમાં, હેકર્સે લાખો વર્તમાન અને ભૂતપૂર્વ એટીએન્ડટી ગ્રાહકોની વ્યક્તિગત માહિતીની ચોરી કરી હતી અને ડાર્ક વેબ પર ડેટા વેચ્યો હતો. યુએસ સિક્યોરિટીઝ રેગ્યુલેશન્સ માટે કંપનીઓએ ડેટા ભંગની જાણ થયાના ૩૦ દિવસની અંદર ગ્રાહકોને સુરક્ષા ભંગ જાહેર કરવાની જરૂર છે, પરંતુ આ કિસ્સામાં એફબીઆઈએ સુરક્ષા જોખમોને કારણે વિલંબને મંજૂરી આપી છે.

## પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કડીના કાર્યકતાને ધમકી આપતો ઓડિયો વાયરલ



કડી,

એક કથિત ઓડિયો વાયરલ થયો છે. જેમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાકેશ પટેલ નામના ભાજપના કાર્યકર્તાને ખખડાવી રહ્યાં છેકે તારા બાપ દાદાનું મે કઈ બગાડયુ છે. મારી પાસે તારો નંબર અને નામ સાથે એલઆઈબીનો રિપોર્ટ આવ્યો છે. આ તો હું મણિપુરનો છોકરો સમજીને બોલતો નથી. તુ તારી મર્યાદામાં રહે તો સારુ, મને શિખામણ આપવાની જરૂર નથી. નીતિન પટેલે એવી પણ ચિમકી ઉચ્ચારી કે, તે લઠ્ઠા કુંટુંબનો તો નથી ને, ૩૦-૩૫ વર્ષ પહેલાંનો લઠ્ઠા કુંટુંબનો ઈતિહાસ કહીશને તો તું ગામમાં રહેવા લાયક નહી રહે. એટલે બધુ બંધ કરને, માપમાં રહે ભાઈ તું કઈ કડીનો ધણી નથી. મે બધુ તને સોંપી દીધું છે? તું રુબરુ આવજે. આ આડીયો વાયરલ થયા પૂર્વ નાયબ મુખ્યમંત્રી ફરી વિવાદમાં સપડાયા છે.આ વિવાદને લઈને કોંગ્રેસે એવી પ્રતિક્રિયા આપી છે કે, આ ઘટના બાદ એ વાત સાબિત થઈ રહી છેકે, એલઆઈબી ભાજપના નેતાઓને ખાનગી વિગતો મોકલે છે. ભાજપના બ્લેકમેઈલ સામે જે નાગરિકો અને વેપારીઓ અવાજ ઉઠાવે તો તેમનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. જ કોઈ પૂર્વ નાયબ મુખ્યમંત્રી એલઆઈબી પાસેથી ખાનગી વિગતો મેળવી શકતા હોય તો હાલ સરકાર પણ વિપક્ષના નેતા અને વેપારીઓના આ જ પ્રમાણે કોલ રેકર્ડ મેળવી માહિતી મેળવતા હશે એ વાત નક્કી છે.

## સાબરકાંઠામાં વાઈરસના ચેપથી ફફડાટ, ચાંદીપુરમના છ શંકાસ્પદ કેસ, બે બાળકોના મોત





હિંમતનગર,

સાબરકાંઠામાં ચાંદીપુરમ વાયરલ ફેલાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. જેમાં બે બાળકો સહિત ચાર જણાના મોત નીપજ્યા છે. આ મોત ચાંદીપુરમ વાયરસને પગલે થયા હોવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. સાબરકાંઠામાં ચાંદીપુરમ વાયરસ પ્રવેશ્યો હોવાની પ્રબળ શંકા ફેલાઈ છે. હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરમના ૭ કેસ નોંધાયા છે. તે સિવાય ચાંદીપુરમ વાયરસથી મોતના બનાવોને પગલે જિલ્લામાં હડકંપ મચી ગયો છે.

ચાંદીપુરમ વાયરસને કારણે સાબરકાંઠા અને અરવલ્લીમાં બે બાળકોના મોત નીપજતા ચકચાર મચી ગઈ છે. અત્યારસુધીમાં ચાર દર્દીઓના મોત નીપજ્યા પૂણેની લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. હાલમાં બે દર્દી સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. પૂણેથી સેમ્પલની તપાસ થતા વધુ વિગતો બહાર આવશે.

ચાંદીપુરમ વાયરસ ફેલાતા તંત્ર પણ દોડતું થયું છે અને તેને પગલે ઉચ્ચ અધિકારીઓની મિટીંગ યોજાય તેવી શક્યતા છે. આ નવા વાયરસને કારણે સાબરકાંઠા અને અરવલ્લીમાં સર્વે શરૂ કરવામાં આવ્યો છે. જેથી અન્ય કોઈ આ વાયરસની ઝપેટમાં આવ્યા છે કે કેમ તેનો ખ્યાલ આવશે અને તેમને તાત્કાલિક સારવાર આપી શકાશે. અત્યારસુધીમાં ચાર વ્યક્તિના મોત નીપજ્યા હોવાનું બહાર આવ્યું છે. જ્યારે હજી એક અન્ય વ્યક્તિનો રિપોર્ટ મોકલવાનો બાકી છે. પૂણેની લેબોરેટરમામં મોકલવામાં આવેલા સેમ્પલના રિપોર્ટ સોમવાર સુધી આવશે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

## ભારતે પેલેસ્ટાઈન મુદાના શાંતિપૂર્ણ ઉકેલ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

વોશિગ્ટન

જટિલ પેલેસ્ટાઈન મુદાના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતે તેની ઐતિહાસિક અને અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. તેમણે વાટાઘાટોના બે-રાજ્ય ઉકેલને ટેકો આપ્યો જે ઈઝરાયેલ સાથે શાંતિમાં પેલેસ્ટાઈનના સાર્વભૌમ, સ્વતંત્ર અને વ્યવહારુ રાજ્યની સ્થાપના તરફ દોરી જશે.સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના નાયબ સ્થાયી પ્રતિનિધિ રાજદૂત આર રવિન્દ્રએ પેલેસ્ટાઈન શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્ર એજન્સીના સંમેલનમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે ભારતે હંમેશા સંવાદ પર આધારિત બે-રાજ્ય ઉકેલને સમર્થન આપ્યું છે, જે પેલેસ્ટાઈનના સાર્વભૌમ, સ્વતંત્ર અને વ્યવહારુ રાજ્યની સ્થાપના તરફ દોરી જાય છે. તેમણે પેલેસ્ટાઈનના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતની ઐતિહાસિક અને અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ભારતે ગાઝામાં ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ અંગે સૈદ્ધાંતિક વલણ અપનાવ્યું છે અને મહિલાઓ અને બાળકો સહિત નાગરિકોના મૃત્યુની સખત નિંદા કરી છે. આર રવિન્દ્રએ કહ્યું કે ભારત ગયા વર્ષે ૭ ઓક્ટોબરે થયેલા બર્બર હુમલાની સખત નિંદા કરે છે અને તમામ બંધકોને બિનશરતી મુક્ત કરવાની માંગ કરે છે.આર રવિન્દ્રએ વધુમાં કહ્યું કે ભારત પેલેસ્ટાઈનના લોકો માટે વિશ્વસનીય વિકાસ ભાગીદાર રહ્યું છે. વર્ષોથી, ભારતે પેલેસ્ટાઈનને લગભગ ેજીઇ૧૨૦ મિલિયનની રકમની વિકાસ સહાય વિવિધ સ્વરૂપોમાં પૂરી પાડી છે, જેમાં ેદ્ગઇઉછ માં યોગદાન તરીકે ેજીઇ૩૫ મિલિયનનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું, 'મને કહેતા આનંદ થાય છે કે અમે આ વર્ષે પણ અમારું વાર્ષિક ૫ મિલિયન ડૉલરનું યોગદાન ચાલુ રાખીશું. ભારત ભારતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક અને ડોક્ટરલ અભ્યાસ માટે ૫૦ પેલેસ્ટિનિયન વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રદાન કરી રહ્યું છે, આર રવિન્દ્રએ જણાવ્યું હતું કે, પેલેસ્ટિનિયન ઓથોરિટી તરફથી જીવનરક્ષક દવાઓ માટે વિનંતી પણ પ્રાપ્ત થઈ છે, જેનો સક્રિયપણે પ્રતિસાદ આપવામાં આવી રહ્યો છે. ભારત દ્વારા ઔપચારિક રીતે ગણવામાં આવે છે.

## અમદાવાદ એરપોર્ટથી છેલ્લા બે વર્ષમાં ૧૭૦ કિલો સોનું ઝડપાયું



,અમદાવાદ

અમદાવાદ એરપોર્ટથી છેલ્લા બે વર્ષમાં ૧૭૦ કિલો સોનું ઝડપાયું હતું. આમ, એક જ વર્ષમાં એરપોર્ટથી દાણચોરીનું સોનું ઝડપવાના પ્રમાણમાં ૬૫ ટકાનો વધારો નોંધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૪૧.૧ કિલો સોનું ઝડપાયેલું છે.નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦૭ કિલો અને ૨૦૨૩-૨૪માં ૧૭૦ કિલો સોનું ઝડપવાના પ્રમાણમાં ૬૫ ટકાનો વધારો થયો છે. મોટાભાગના કેરિયર્સ યુઓઈ, બેંગકોક, થાઈલેન્ડથી દાણચોરીનું સોનું અમદાવાદમાં લાવતા હોય છે. જોકે, દાણચોરી કરવાની પદ્ધતિમાં સતત ફેરફાર કરવામાં આવ્યો છે. દાણચોરો સોનાને છુપાવવા, અંડરગાર્મેન્ટ, સેનિટરી નેપકિન, સહિત અનેક ટેકનિક અપનાવવામાં આવે છે. મોટાભાગના કિસ્સામાં અગાઉથી બાતમી અને શરીરના હાવભાવને આધારે પકડી લાવવામાં આવે છે.માહિતી મુજબ સોનાની કિંમત વધે તેમ દાણચોરીના પ્રમાણમાં વધારો થયો છે. ૨૦૧૮-૧૯માં ૮૧ કિલો, ૨૦૧૯-૨૦માં ૧૦૭ કિલો, ૨૦૨૦-૨૧માં ૧૭ કિલો, ૨૦૨૧-૨૨માં ૩૩ કિલો, ૨૦૨૨-૨૩માં ૧૦૭ કિલો, ૨૦૨૩-૨૪માં ૧૭૦ કિલો સોનાની દાણચોરી થઈ છે.

## સરકારે ટૂંક સમયમાં લાઈટનિંગ ડિટેક્શન અને ચેતવણી સિસ્ટમ સ્થાપિત કરવાની યોજના બનાવી છે

લખનૌ:

ઉત્તર પ્રદેશમાં ચોમાસા દરમિયાન વીજળી પડવાથી મૃત્યુનો આંકડો અટકવાનો નથી. હવે આ મૃત્યુના કેસ ઘટાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ક્રમમાં રાજ્ય સરકારે ટૂંક સમયમાં લાઈટનિંગ ડિટેક્શન અને વોર્નિંગ સિસ્ટમ સ્થાપિત કરવાનું આયોજન કર્યું છે. રાજ્ય સરકારના અધિકારીઓના જણાવ્યા અનુસાર, "ઉત્તર પ્રદેશ લાઈટનિંગ એલર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ" નામની આ સિસ્ટમ સમગ્ર રાજ્યમાં ત્રણ તબક્કામાં સ્થાપિત કરવામાં આવશે.



રાહત વિભાગના ડેટા અનુસાર, આ મહિનામાં અત્યાર સુધીમાં રાજ્યમાં વીજળી પડવાથી ૮૪ લોકોના મોત થયા છે, જેમાંથી ૧૦ જુલાઈના રોજ સાંજે ૬:૩૦ વાગ્યાથી લઈને ૧૧ જુલાઈના રોજ સાંજે ૬:૩૦ વાગ્યા સુધીમાં ૪૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. . મૃત્યુનો આ આંકડો ગયા વર્ષના ચોમાસામાં વીજળી પડવાથી થયેલા મૃત્યુ કરતાં ઘણો વધારે છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ગયા વર્ષે વીજળી પડવાને કારણે ૪૧ લોકોના મોત થયા હતા. ભારતીય હવામાન વિભાગના અન્ય અહેવાલ મુજબ, ઉત્તર પ્રદેશ એ રાજ્યોમાંનું એક છે જ્યાં સૌથી વધુ મૃત્યુ વીજળી પડવાથી થયા છે.

લખનૌના હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. મનીષ રાનાલકરે જણાવ્યું હતું કે, "ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી થયેલા મૃત્યુને ધ્યાનમાં રાખીને, અમે લાઈટનિંગ ડિટેક્શન સિસ્ટમ ગોઠવવા પર કામ કરી રહ્યા છીએ." તેમણે કહ્યું, "મુખ્યમંત્રી દ્વારા રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને આપવામાં આવેલી સૂચનાઓને અનુસરીને, આ સિસ્ટમને 'ટાઈમ ઓફ અરાઈવલ' ટેક્નોલોજી પર આધારિત સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતીય હવામાન વિભાગ હાલમાં કોઈ વિસ્તારમાં વીજળી પડવાની સંભાવના વિશે ચેતવણી આપવા માટે રડાર-આધારિત સિસ્ટમ્સ અને સેટેલાઈટ ડેટા પર આધાર રાખે છે અને તેને 'રીઅલ ટાઈમ' ચેતવણી તરીકે ગણવામાં આવતી નથી.

રણલકરે જણાવ્યું હતું કે, ટીઓએ આધારિત સિસ્ટમ ચોક્કસ વિસ્તારમાં વીજળી પડવાની ઓછામાં ઓછી ૩૦ મિનિટ અગાઉથી શોધી શકે છે અને ચેતવણી આપી શકે છે. આ સિસ્ટમની સ્થાપનાનો અંદાજિત ખર્ચ ૩૦૦ કરોડ રૂપિયા હશે." તેમણે કહ્યું, "પ્રથમ તબક્કામાં, આ વર્ષના અંત સુધીમાં સિસ્ટમ ઈન્સ્ટોલ અને કાર્યરત થવાની સંભાવના છે." ઉત્તર પ્રદેશના રાહત કમિશનર નવીન કુમારે શુક્રવારે મીડિયાને જણાવ્યું કે પ્રથમ તબક્કામાં આ સિસ્ટમ રાજ્યના ૩૭ જિલ્લામાં લાગુ કરવામાં આવશે. તેમના જણાવ્યા અનુસાર, બીજા તબક્કામાં ૨૦ જિલ્લાઓમાં અને ત્રીજા તબક્કામાં ૧૮ જિલ્લાઓમાં તેને લાગુ કરવામાં આવે તેવી શક્યતા છે.

## સુરેન્દ્રનગરમાં ભેટ ગામે ગેરકાયદેસર કાર્બોસેલની ખાણમાં દુર્ઘટના, ૩ મજૂરના મોત થયાં

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જીલ્લામાં અનેક વખત ગેરકાયદેસર ખાણમાં ખોદકામ થવાના કારણે મજૂરો મોતને ભેટતાહોય છે ત્યારે ફરીથી ખનિજ માફીયાઓ મજૂરોના મોતના સોદાગરો બન્યા હોવાનું જાણવા મળ્યું છે. ૨૦૦ ફૂટ ઊંડે મજૂરોને ખાણમાં ખોદકામ માટે ઉતારવામાં આવ્યા હતા. આકાહક્ક ખાણમાં દુર્ઘટના સર્જાતા ૩ મજૂરોના મોત નિપજ્યા છે.

પોલીસ અને ખાણ વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. ૨૦૦ ફૂટ ઊંડે ગેરકાયદેસર ચાલતી કાર્બોસેલની ખાણમાં ખોદકામ માટે મજૂરોને ઉતારવામાં આવ્યા હોવાને લઈ પરિવારમાં રોષ ફેલાયો છે.એટલું જ નહીં, મૃતકોનાં મૃતદેહોને સગેવગે કરવાનું કાવતરૂં ખનિજ માફિયાઓએ રચ્યું હોવાને લઈ ખળભળાટ મચી ગયો છે. હવે જોવાનું એ રહે છે કે જીલ્લા વહીવટી તંત્ર, ખનિજ વિભાગ અને પોલીસ અધિકારીઓ મજૂરોના મોતના મામલે કેટલી સખ્ત કાર્યવાહી કરે છે..

# વિરપુર તાલુકાના રણજીતપુરા હાઈસ્કૂલમાં ગુરૂ અને શિષ્યાના સંબંધને લાંછન લગાડતો કિસ્સો બહાર આવ્યો



બાલાસિનોર

મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકાના રણજીતપુરા હાઈસ્કૂલમાં શિક્ષકે શાળાની જ વિદ્યાર્થિનીની છેડતી કરી હતી. જેના પગલે વાલીઓમાં રોષ ભડક્યો હતો અને શાળા પર હલ્લાબોલ કર્યો હતો. જોકે, સમયસર પહોંચેલી પોલીસે મામલો થાળે પાડ્યો હતો અને શિક્ષક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી વિરપુરની રણજીતપુરા હાઈસ્કૂલના શિક્ષક પ્રશાંત વિઠ્ઠલ પટેલ (રહે. રણજીતપુરા, કંપા, તા. વિરપુર)એ વિદ્યાર્થિનીની છેડતી કરી હોવાના મુદ્દે વાલીઓના ટોળે ટોળાં શાળા પર ઉમટી પડ્યાં હતાં. આ વાલીઓએ હોબાળો કરી શિક્ષક પ્રશાંત પટેલને મેથીપાક ચખાડવાનો શરૂ કર્યો હતો. આ મામલે પોલીસને જાણ થતાં તુરંત શાળા પર ટીમ પહોંચી હતી અને મામલાને થાળે પાડ્યો હતો.આ મુદ્દે વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. આખરે પોલીસે વાલીની ફરિયાદ આધારે શિક્ષક પ્રશાંત પટેલ સામે ગુનો નોંધ્યો હતો. જેમાં વાલીએ જણાવ્યું હતું કે, પ્રશાંત વારંવાર વિદ્યાર્થિની સાથે જબરજસ્તી કરતો હતો અને તું મારી સાથે બોલ અને તું મને ઘરે જઈ મેસેજ કરજે. તેમ ધમકાવી ડરાવીને અવાર નવાર તેની પાસે જવા માટે પ્રયત્ન કરતો હતો. આ ઉપરાંત વિદ્યાર્થિની શનિવારે વ્હેલી સવારની શાળામાં હોય તે વહેલી સ્કૂલે જતી તે વખતે પ્રશાંત કોઇ ન હોવાથી તકનો લાભ લઈ વિદ્યાર્થિનીનો હાથ પકડી તું મારી સાથે બોલીશ નહીં કે મેસેજ નહીં કરે તો જાનથી મારી નાંખી તલાવડીમાં ફેંકી દઈશ તેવી ધમકી આપતો હતો. ત્યારે હાલતો વિરપુર પોલીસે ગુન્હો નોંધી શિક્ષકને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મેડજીના મુવાડા ખાતે વિદ્યાર્થીઓ માટે ISROના વૈજ્ઞાનિક દ્વારા ROCKET TECHNOLOGY અંગે વિશેષ વર્ગ યોજાયો



મલેકપુર,

મહીસાગર જીલ્લાના મેડજીના મુવાડા ખાતે જય સહજાનંદ ઉત્કર્ષ કેળવણી મંડળ અને ધ ઈડિયન પ્લેનેટરી સોસાયટી મુંબઈ દ્વારા 'જ્ઞાન-વિજ્ઞાનની નવી ક્ષિતિજ અંતર્ગત ધોરણ-૮ અને ૯ ના અંતરિક્ષ અને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ISRO ના વૈજ્ઞાનિક દ્વારા INTRODUCTION TO ROCKET TECHNOLOGY વિષય અંગે વિશેષ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ગમાં વિષય નિષ્ણાંત અને ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, સિનિયર સ્પેસ સાયંટિસ્ટ ISRO, ભરત મહેતાએ વેબીનારના માધ્યમથી તથા ધ ઈડિયન પ્લાનેટરી સોસાયટીના અધ્યક્ષ ડો.જે.જે. સવલ દ્વારા બાળકોને અવકાશ ક્ષેત્રે ખગોળીય જ્ઞાન અંગે માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ મનુભાઈ પટેલ ઓનલાઈન જોડાઈને વિદ્યાર્થીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ વર્ગમાં જીલ્લાની વિવિધ શાળાઓમાંથી ઉપસ્થિત બાળકોએ રોકેટ ટેકનોલોજી વિશે ઉપયોગી માહિતી મેળવી હતી અને શાળાના પ્લેનેટોરિયમ તેમજ વેધશાલાની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડો. જે.જે. રાવલ અને ટ્રસ્ટી રમણભાઈ, વિવિધ શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર ચુથાના મુવાડા ગામે પ્રવિણ વિદ્યાલયમાં શાળાએ પંચાયની ચુંટણીનું આયોજન કરાયું



મલેકપુર,

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ચુથાના મુવાડા ગામ સ્થિત પ્રવીણ વિદ્યાલય ખાતે આજરોજ અત્યંત હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં શાળા પંચાયત ચૂંટણીનું સફળ આયોજન કરવામાં આવ્યું . શાળા પંચાયતમાં જી.એસ. તરીકે પગી સુનિલભાઈ ગણપતભાઈ (ગામ. આંજણવા), એલ.આર. તરીકે ખાંટ મીનાક્ષીબેન પ્રભાતભાઈ (ગામ – માચોડ) જંગી બહુમતીથી ચૂંટણીમાં વિજેતા બન્યા વર્ગમંત્રીની ચૂંટણીમાં ધોરણ ૯Aમાં સોલંકી આદિત્ય ધોરણ ૯B માં ખાંટ ભાવેશ, ધોરણ ૧૦માં ખાંટ મીનાક્ષી, ધોરણ ૧૧માં સિસોદિયા નરેન્દ્રસિંહ ધોરણ ૧૨માં માલ વિજય વિજેતા બન્યા હતા. જેમાં શાળાના ૨૧૮ વિદ્યાર્થીઓએ EVM મશીન દ્વારા મતદાન કર્યું. શાળાનાં શિક્ષક સુરેશભાઈ રંગાડીયાએ વિદ્યાર્થીઓને લોકશાહીના મૂલ્યોથી માહિતગાર કર્યા હતા.તથા નરેશભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ મતદાન કાર્યક્રમ સફળ રીતે પાર પાડવામાં આવ્યો. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય બી.બી. વિરપુરા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં ખંડેર કોટર્સમાં ચાલતા આર્યુવેદિક દવાખાનામાં જીવના જોખમે નોકરી કરવાના અને દવા માટે દર્દીઓ મજબુર



સંતરામપુર,

સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં સરકારી કર્મચારીની કોટર્સને ખંડેર અને જર્જરીત થઈ જતાં પાંચ વર્ષ અગાઉ કોર્ટસ ખાલી કરવી દેવામાં આવ્યા હતા. આ કોટર્સમાં સરકારી આર્યુવેદિક દવાખાનું ચલાવવામાં આવી રહ્યું છે.સરકારી ખંડેર આવાસમાં ચાલતા સરકારી આર્યુવેદિક દવાખાનામાં આવતાં દર્દીઓ જીવના જોખમે પ્રવેશ કરે છે. આર્યુવેદિક હોસ્પિટલના તબીબ અને સ્ટાફ પણ જર્જરીત મકાનમાં જીવના જોખમે નોકરી કરી રહ્યો છે. દવાખાનામાં મોટા પ્રમાણમાં દવાનો જથ્થો રાખવામાં આવેલ છે. હાલ ચોમાસાની સીજનમાં જર્જરીત સરકારી આર્યુવેદિક દવાખાનાવાળું કોટર ગમે ત્યારે પડી શકે છે. છેલ્લા પાંચ વર્ષથી સરકારી આર્યુવેદિક દવાખાનું ચાલી રહ્યું છે. તેમ છતાં સંતરામપુરમાં આર્યુવેદિક દવાખાનું નવું બિલ્ડીંગ બનાવવામાં આવ્યું નથી કે, તેના માટે જગ્યા ફળવાઈ નથી. સંતરામપુર પંથકમાં સરકારી આર્યુવેદિક દવાખાનામાં મોટા પ્રમાણમાં દર્દીઓ દવાઓ લેતા હોય છે પરંતુ આ આર્યુવેદિક દવાખાનું સપ્તાહમાં એકવાર ખુલતું હોય છે. જેને લઈ આર્યુવેદિક દવાઓ લેવા ઈચ્છતા લોકો તેનો લાભ લઈ શકતા નથી.

# બાલાસિનોરના પાંડવા ગામે પૂર્વ તલાટીએ કરેલ ઠરાવ રદ કરવા મુખ્યમંત્રીને અરજી કરાઈ

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાની રાજકીય રાજધાની ગણાતા પાંડવા ગામે ૨૦-૨૧ સાલમાં પૂર્વ તલાટી અરૂણ ચૌહાણ દ્વારા સરકારી જમીન પૈકી ૧૦૦૦ ચો.મી જગ્યા ફાળવતા હાલ મુખ્યમંત્રી સહિત અનેક અધિકારીઓને અરજી કરવામાં આવતા વિવાદ વકર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના પાંડવા ખાતે આવેલ સરકારી જમીન પૈકી સને ૨૦-૨૧ સાલમાં પૂર્વ તલાટી અરૂણ ચૌહાણ દ્વારા અરજીના આધારે કોઈ સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય ૧૦૦૦ ચો.મી જગ્યા ફાળવી દીધી હતી. જેની જાણ ૨ વર્ષ બાદ થતાં પાંડવા ગામના વણકર સમાજના આગેવાનો દ્વારા આ ઠરાવ રદ કરવા તાલુકાકક્ષાએથી મુખ્યમંત્રી કક્ષાએ અરજીઓ કરી છે. ત્યારે આ બાબતે પાંડવાના જેઠાભાઈ વણકરે જણાવ્યું હતું કે પાંડવા ગામના ચતુરભાઈ માચાવંશી દ્વારા પડતર જમીન, ગૌચર જમીન પર તલાટી સાથે સાથ ગાઠ કરી ખોટી ઠરાવ કરાવી લીધો છે. જે બાબતે પાંડવા ગામના વણકર સમાજ દ્વારા તાલુકા અને જીલ્લા કક્ષાએ લેખિત જાણ કરવા છતાં ઠરાવ આજદિન સુધી રદ થતો નથી. જે થી તાત્કાલિક અસરથી અધિકારીઓ આળસ ખંખેરી કરેલ અરજીઓનો યોગ્ય નિકાલ પેટે ઠરાવ રદ કરવા માંગ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તલાટીને સરકારી જમીન ફાળવવાની કોઈ અધિકાર ના હોવા છતાં અરજી આધારે કેવી રીતે ૧૦૦૦ ચો.મી જગ્યા ફાળવી જેને લઈને પણ અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે પાંડવા ગામના વણકર સમાજને ન્યાય મળશે કે કેમ તે જોવાનું રહ્યું છે.

**વણકર સમાજ દ્વારા મિટિંગ યોજાઈ.**

ઠરાવ રદ કરવા અંગે વણકર સમાજ દ્વારા મિટિંગ યોજવામાં આવી હતી. આ મીટિંગમાં મહત્વના મુદ્દાઓ ચર્ચાયા હતા। આગામી સમયમાં ખોટો ઠરાવ રદ ના થાય તો કાયદાકીય લડત અંગે ચર્ચાઓ કરાઈ હતી.

# બાલાસીનોર ફોરેસ્ટરે ગેરકાયદેસર લાકડા ભરેલ ટ્રેકટર રાત્રે પકડ્યું અને બપોરે છોડી દીધું



એ લોકો સરપંચનો દાખલો લાવ્યા હતા. રોજકામ કરીને સરપંચનો દાખલો અને સાત બારની નકલ લાવ્યા હતા. અમે પકડ્યું તે દિવસે એ લોકો પાસે કઈ ન હતું. બીજા દિવસે એ લોકો લઈને આવ્યા હતા. છૂટના ઝાડ છે એટલે અમે દંડ ન કરી શકીએ. છૂટના ઝાડ છે એ રાત્રે ખબર હતી અમોને પણ આરએફઓ સાહેબે કીધું હતું કે સરપંચનો કે મામલતદારનો દાખલો ન હોય તો મૂકી દો. તો અમે મૂકી દીધું હતું અને બીજે દિવસે પુરાવો લઈને આવ્યા એટલે અમે છોડી દીધું હતું.

: ફોરેસ્ટર, બાલાસિનોર :

ટ્રેકટરમાં ભરેલ લાકડાને કાપવાની છૂટ છે કે નહિ, કે ગ્રામ પંચાયતનો દાખલો છે કે નહિ તે ફોરેસ્ટર ને રાત્રીના સમયે અંધારામાં દેખાયું નહીં હોય. અને જો ટ્રેકટર ચાલકે રાત્રીના સમયે પંચાયતનો દાખલો બતાવ્યો હોય તો તરત છોડવાની જગ્યાએ બીજા દિવસે કેમ છોડવામાં આવ્યું તેવા અનેક સવાલો પર્યાવરણ પ્રેમીઓમાં ઉભા થયા છે.

બાલાસીનોર,

સમગ્ર રાજયમાં વિશ્વ પરાયવરણ દિવસે લાખો રૂપિયાનો ખર્ચો કરી વૃક્ષો રોપવામાં આવે છે. "વધુ વૃક્ષો વાવો, વરસાદ લાવો" જેવા સ્લોગનો દીવાલો ઉપર લખવામાં આવે છે. ત્યારે મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકામાં આનાથી કઈક ઊલટું જ ચિત્ર જોવા મળી રહ્યું છે. બાલાસિનોર ફોરેસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા ફોરેસ્ટરે બુધવાર રાત્રે ગેરકાયદેસર લાકડા ભરેલ એક ટ્રેકટર ઝડપી બાલાસિનોર ફોરેસ્ટ ઓફિસ ખાતે લઈને આવતા હતા. તે દરમિયાન બાલાસિનોર તાલુકાના લીમડી નજીક ટ્રેકટર ચાલકે અચાનક રોડની સાઈડમાં ખેતરમાં ઉતારી લાકડા ભરેલ ટ્રોલી મૂકી ટ્રેકટર લઈને ભાગી ગયો હતો. ત્યારે ટ્રોલી ફોરેસ્ટ કચેરીએ કંઈ રીતે લઈ જવી તે બાબતે ફોરેસ્ટર અસમંજસમાં મુકાયા હતા. ત્યાર બાદ ટ્રોલી લઈ જવા માટે જેસીબી તેમજ ટ્રેકટર મંગાવી ફોરેસ્ટર દ્વારા રાત્રીના સમયે ગેરકાયદેસર લાકડા ભરેલ ટ્રોલી બાલાસિનોર ફોરેસ્ટ કચેરીએ લઈ જવામાં આવી હતી. સમગ્ર બાબતે બાલાસિનોર ઇન્ચાર્જ આરએફઓ પી. જે. ચૌધરીનો ટેલિફોનીક સંપર્ક સાધતા તેઓએ ફોન ઉપાડવાનું ટાળ્યું હતું. ત્યારે કોઈક કારણોસર કે કોઈ પદાધિકારીઓની સૂચના મુજબ ગેરકાયદેસર લાકડા ભરેલ ટ્રેકટર બીજા દિવસે છોડી મૂકાતા ફોરેસ્ટ ખાતાની કામગીરી ઉપર અનેક સવાલો ઉઠ્યા હતા.

# બાલાસીનોર ટાઉન પોલીસ દ્વારા તાજીયાને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઇ



બાલાસીનોર,

દર વર્ષની જેમ આ વર્ષે પણ મુસ્લિમ બિરાદરો દ્વારા નિશાળ ચોકમાંથી જુલૂસ, નમાજ સહિતના કાર્યક્રમો યોજાશે. તહેવારોની ઉજવણી હિન્દુ – મુસ્લિમ સૌ સમાજના લોકો હર્ષોલ્લાસ સાથે કરી શકે અને નગરમાં શાંતિ અને સુલેહ જળવાઈ રહે જેથી વ્યવસ્થાના ભાગરૂપે બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન ખાતે લુણાવાડા નાયબ પોલીસ અધિક્ષક કમલેશ વસાવાના અદયક્ષ સ્થાને ટાઉન પી.આઈ. અંશુમન નિનામા તેમજ પીએસઆઈ કે.આર.ચાવડાની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક મળી હતી. પોલીસ સ્ટાફ દ્વારા સમગ્ર વિસ્તારોમાં બંદોબસ્ત ગોઠવવા તેમજ સહયોગ પૂરો પાડવા ખાતરી આપી હતી. આ સાથે ટાઉન પોલીસ ઈન્સ્પેકટરે અગ્રણીઓને મહોરમ પર્વની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ બેઠકમાં મુસ્લિમ અગ્રણી, હિન્દુ અગ્રણી તેમજ વેપારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા પાનમ નદીના પુલ પાસે મહીસાગર એલસીબીએ અલ્ટો કારમાંથી દારૂ ઝડપ્યો



લુણાવાડા,

પંચમહાલ રેન્જ આઈજી આર.વી.અસારી તથા મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાએ પ્રોહીબીશનની અસરકારક કામગીરી કરવા તેમજ મહીસાગર જીલ્લામાં દારૂની હેર-ફેર તથા વેચાણ સહિતની પ્રોહિબીશનની અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા આપેલ સૂચના અનુસંધાને મહીસાગર એલ.સી.બી. પીઆઈ એ.બી.અસારીની સાથે એલ.સી.બી. સ્ટાફ ટીમ લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન લુણાવાડા પાનમ નદીના પુલ નજીક રોડ ઉપર એક શંકાસ્પદ અલ્ટો કાર લુણાવાડા તરફથી ગોધરા તરફ જતી હતી. આ ગાડીને સરકારી વાહનથી ઓવર ટેક કરી રોકી લીધેલ અને ગાડીના ડ્રાઈવરને નીચે ઉતારી ગાડીમાં પાછળની શીટ ઉપર જોતાં લાલ કલરની ચટ્ટાઈ ઢાંકેલ હોય જે ખેસેડી જોતાં તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ જણાઈ આવતા અલ્ટો ગાડીને અને આરોપી ભગવતસિંહ દીલીપસિંહ રાઠોડ રહે.૫/એમ/૧૪.ચંદ્રશેખર, આઝાદનગર, તા.જી.ભીલવાડા, રાજસ્થાન મુળ રહે.ગામ.સુપા તા.થાણા.કેકડી,જી.અજમેર, રાજસ્થાન ગાડી સાથે ઝડપી પાડી એલ.સી.બી. ઓફીસ લાવી ચેક કરતા ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.-૧૧૯ કીંમત રૂપીયા.૮૬,૩૬૫/ તથા અલ્ટો કાર ની કીંમત રૂપીયા.૭૦,૦૦૦/-તથા વીવો કંપનીનો મોબાઈલ ફોન કીંમત રૂપીયા.૫,૦૦૦/-મળી કુલ કીંમત રૂપીયા.૦૧,૬૧,૩૬૫/-નો મુદ્દામાલ ઝડપી પાડી લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશનનો ગુનો નોધી આગળની કાયદેસરની કરવામાં આવેલ છે.

## આપની આજ.......

મેષ:કોઈપણ અપેક્ષિત શુભ પરિણામના આગમનથી મન પ્રસન્ન રહેશે. કોઈ પ્રિય વ્યક્તિ સાથે રમૂજમાં રાતનો સમય પસાર થશે. આનાથી તમે થોડી હળવાશ અનુભવશો.

વૃષભ: આજે શ્રેષ્ઠ વ્યક્તિ સાથેની મુલાકાતને કારણે મનમાં ખુશી રહેશે. ઉચ્ચ અધિકારીઓની કૃપા રહેશે. રોજગારીની દિશામાં પણ સફળતા મળશે. સાંજથી રાત સુધી અનિચ્છનીય મુસાફરીનો યોગ છે.

મિથુન: આજે તમારી શક્તિમાં વધારો થવાને કારણે શત્રુઓનું મનોબળ ઘટશે. પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. અન્યને મદદ કરવાથી દિલાસો મળશે. તેથી જરૂરિયાતમંદોને શક્ય તેટલી મદદ કરો.

કર્ક: આજે તમે જે પણ કામ કરશો તે સરળતાથી થઈ જશે. પરંતુ ધ્યાનમાં રાખો કે આજે નકામા કાર્યોમાં સમય બગાડો નહીં. ખર્ચમાં ઘટાડો કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સિંહ: આજે તમારા વિરોધીઓ પરાજિત થશે. આ સાથે તમારું પારિવારિક જીવન પણ સુખી રહેશે. રાજકીય સમર્થન પણ મળશે. પણ તમારી વાણી પર સંયમ રાખો.

કન્યા: આજે તમે વ્યવસાયમાં પ્રગતિથી ખૂબ જ ખુશ રહેશો. વિવાહિત જીવન પણ આજે આનંદદાયક રહેશે. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક બોજમાંથી રાહત અનુભવશે. પત્ની અને બાળકો સાથે સાંજથી રાત સુધી ફરવાનો યોગ છે.

તુલા: નવી ઓળખાણ કાયમી મિત્રતામાં બદલાશે. સમયનો લાભ લો, આજે તમને તમારી સારી કાર્યશૈલી અને નરમ વર્તનથી લાભ મળશે. તમે અન્ય લોકોનો સહકાર લેવામાં સફળ થશો. નજીક અને દૂરની મુસાફરીની બાબત મુલતવી રાખવામાં આવશે.

વૃશ્ચિક: સાંસારિક આનંદ અને સન્માનમાં વધારો થશે, ભાગ્યનો વિકાસ યોગ ચાલી રહ્યો છે. આ સાથે નવી શોધોમાં પણ રસ વધશે. જૂના મિત્રોની મુલાકાતથી નવી આશાઓ પ્રબળ થશે, ઘરમાં ઉત્સવનું વાતાવરણ સર્જાશે. સાંજે સારા સમાચાર મળશે.

ધન: આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત અને તણાવમુક્ત રહેશે. સમજદારીથી કાર્ય કરો અને તમારા નજીકના લોકો સાથે બિનજરૂરી વિવાદોમાં ના પડશો, નુકસાન થઈ શકે છે. સ્વાસ્થ્ય પણ નરમ રહેશે, તેથી ખાવામાં સાવધાની રાખો. વિદ્યાર્થીઓને અભ્યાસમાં મહત્તમ સમય પસાર કરવાની સલાહ આપવામાં આવે છે.

મકર: આજનો દિવસ મિશ્ર લાભનો છે. તેથી કોઈપણ નિર્ણય લેવામાં ઉતાવળ ના કરો. આજે વ્યાવસાયિક બાબતો વચ્ચે વ્યક્તિગત મતભેદો લાવવાથી નુકસાન થઈ શકે છે.

કુંભ: આજે તમે કોઈ પ્રિયજનના સ્વાસ્થ્યને લઈને ચિંતિત રહેશો. તમે થોડો વધારે કામનો ભાર પણ અનુભવશો. તમારા જુનિયરો પાસેથી કામ મેળવવા માટે, તમારે પ્રેમથી કામ કરાવવું પડશે. ઘરમાં પણ વાતાવરણ હળવું રાખો.

મીન: ખોવાયેલા પૈસા અથવા અટકેલા પૈસા મળશે. કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ પરામર્શની શક્તિના આધારે પણ આવશે. આજે તમે કોઈ પણ શુભ કે ધાર્મિક કાર્યક્રમની વ્યવસ્થામાં વ્યસ્ત રહેશો.

# લીમખેડાના મોડી બાંડીબાર આઉટ પોસ્ટમાં ચોરના વિડીયો વાયરલના આધારે ત્રણ આરોપીને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના મોટીબાંડીબાર ગામે આવેલ આઉટ પોસ્ટની ઓફિસમાં અજાણ્યા તસ્કરોએ તાળુ તોડી ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી કચેરીના લોકર માંથી લીમખેડા પોલીસ સ્ટેશનમા એએસઆઈ તરીકે ફરજ બજાવતાં પોલીસ કર્મચારીના પર્સમાં રાખેલા રોકડા રૂા.૨૬૦૦/- ની ચોરી કર્યા બાદ મોબાઈલમા રીલ્સ બનાવી સોશિયલ મિડીયામાં વાયરલ કરી ફરાર થઈ જતાં પોલીસે વાયરલ વિડીયોના આધારે ફરાર ત્રણ આરોપીઓને ઝડપી પાડી જેલ હવાલે કર્યા હતા.



ગત તા.૦૯મી જુલાઈના રોજ લીમખેડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં એએસઆઈ સંજયભાઈ મોતીભાઈ વણઝારા તથા તેમની સાથે અન્ય પોલીસ કર્મચારીઓ સવારના નવેક વાગ્યાના આસપાસ મોટીબાંડીબાર આઉટ પોસ્ટ ખાતેની ઓફિસ પર હાજર હતાં અને ઓફીસ તેમજ પરચુરણ અરજીને લગતુ કામ પુર્ણ કરી આશરે એકાદ વાગ્યાની આસપાસ અરજીના કામે અરજદારોને તથા સમન્સ વોરંટ નોટીસની કામગીરી અર્થે મોટીબાંડીબાર આઉટ પોસ્ટની ઓફીસને લોક મારી ફીલ્ડની તેમજ અન્ય કામગીરી કરી લીમખેડા પોલીસ સ્ટેશન ખાતે આવ્યાં હતાં. આ દરમ્યાન એએસઆઈ સંજયભાઈ પોતાનું પર્સ બાંડીબારની આઉટ પોસ્ટની ઓફિસમાં પોતાનું પર્સ ભુલી જતાં જેમાં રોકડા રૂપીયા ૨૬૦૦ જેટલા હતાં, તે લેવા માટે સાંજના પાંચેક વાગ્યાના આસપાસ મોટીબાંડીબારની આઉટ પોસ્ટની ઓફિસે પહોંચતાં જ્યાં આઉટ પોસ્ટની ઓફિસના દરવાજાનું લોક તુટેલ હાલતમાં જોવા મળ્યું હતું અને ઓફિસમાં જઈ તપાસ કરતાં ઓફિસમાં ડ્રોવરમાં મુકી રાખેલ રોકડા રૂા.૨૬૦૦ ભરેલ પર્સ જોવા મળ્યું ન હતું અને ઓફિસનો સરસામાન પણ વેરવિખેર જોઈ ઓફિસમાં ચોરી થઈ હોવાનું જણાતાં આ સંબંધે લીમખેડા પોલીસ સ્ટેશનના એએસઆઈ સંજયભાઈ મોતીભાઈ વણઝારાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### લીમખેડા કોર્ટે સોમવારે ૧૨:૦૦ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા.

લીમખેડા પોલીસે ચોરીના ગુનામા ઝડપાયેલા ત્રણેય આરોપીઓને આજે લીમખેડા કોર્ટમા રજુ કરતા પોલીસે વધુ તપાસ માટે રિમાન્ડની માંગણી કરતા લીમખેડા કોર્ટે ત્રણેય આરોપીઓના સોમવારે ૧૨:૦૦ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. હાલ તો પોલીસે સમગ્ર ચોરીની ઘટના મુદ્દે આરોપીઓ પાસેથી ૩ મોબાઈલ ફોન, રોકડ રૂપીયા ૨૬૦૦/- જપ્ત કરી પોલીસે રીમાન્ડ દરમ્યાન અન્ય ચોરીના ગુન્હામા સંડોવાયેલ છે કેમ ? તે દિશામા તપાસ શરૂ કરી છે.

### વિડીયો વાયરલ કરતા આરોપીઓ ઝડપાયા

લીમખેડા તાલુકાની મોટી બાંડીબાર આઉટ પોસ્ટ ખાતે થયેલ ચોરીનો ભેદ ઉકેલવા માટે પોલીસે તપાસ શરૂ કરતાં ચોરી કરવા આવેલી સમયે ચોરી કર્યા બાદ મોબાઈલ દ્વારા રેલ બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરતા જે વિડીયોના આધારે લીમખેડા પોલીસ અને દાહોદ એલસીબીએ ૩ આરોપીને ઝડપી પાડ્યા હતા, જેમાં (૧) નવસાદ રજબભાઈ શેખ ઉંમર વર્ષ ૨૬ રહેવાસી- દાહોદ જુના વણકરવાસ (૨) અયાઝમહમંદ રીઝામહમંદ મકરાણી ઉ.વ.૧૮ રહેવાસી-મુલ્લાવાડા દાહોદ, (૩) બાદલ હસમુખ રાવળ, રહેવાસી, ગારખાયા દાહોદ ની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.

# ફતેપુરાના આદિવાસી સમાજ દ્વારા જીવતા પશુઓની બલી ચડાવવાના બદલે શ્રીફળ વધેરી હવન કરવાની શરૂઆત કરી

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મોટાનટવાના જાંબુડી ગામે આદિવાસી પરંપરા મુજબ જાતર કરવાની પ્રથા આદિઅનાદિ કાળથી ચાલતી આવી રહી છે. દરેક ગામોમાં અને ફળિયામાં જાતરની વિધિ કરવા માં આવતી હોય છે. જ્યારે વરસાદ વર્ષે અને નવા ઉગતા શાકભાજીનો જાતર કર્યા બાદ જ તેનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જાતર વિધિમાં ગામની ખેડા માતા પર ગામજનો ભેગા થાય છે અને કુકડા કે બકરાની બલી ચડાવવામાં આવતી હતી અને ત્યાર પછી સેવા પૂજા કરવામાં આવતી હોય છે અને સાથે માંડલુ અને ગામ ગજરાની વિધિ પણ કરતા હોય છે. જેમાં પણ આખા વર્ષ દરમિયાન ઢોર પશુઓને કોઈ પણ પ્રકારની



બીમારી ન આવે અને સુખ શાંતિ રહે તે માટે બડવા (ભગત) દ્વારા વિધિ કરવામાં આવતી હોય છે. ત્યાર બાદ જીવતા બકરાની બલી ચઢાવવામાં આવતી હોય છે. આ રીતે આખા આદિવાસી સમાજમાં ગામડે-ગામડે ફળિયે ફળિયે કેટલાય નિર્દોષ જીવોની હત્યા કરવા માં આવતી હતી. ત્યારે આદિવાસી સમાજના ઉત્થાન માટે અને અન્ય સમાજની હરોળમાં માનભેર જીવતા થયાં છે. ત્યારે સમાજ દ્વારા અમુક પરંપરા રીતિ રિવાજોમાં પણ બદલાવ લાવવો ખૂબ જ જરૂરી બન્યું છે. માતાજી ભાવના ભૂખ્યા છે, કુકડાની કે બકરાની બલી ચઢાવો ત્યારે માતાજીની માનતા પુરી થાયે તેવું ન હોય તેમ માની મોટા નટવાના ગામ લોકો દ્વારા જીવ હત્યાના બદલે શ્રીફળ વધેરવાની તેમજ હવન કરવાની માતાજી માન્ય રાખતા હોય છે. જેથી મોટાનટવાના જાંબુડી ફળીયાના લોકો ભેગા મળીને બલી ચઢાવવાની પ્રથા જીવ હત્યા બંધ કરીને શ્રીફળનું હવન કરીને જાતર વિધિની શરૂઆત કરી આ સાથે ગામ ગજરાની વિધિમાં પણ બકરાની બલિ ચડાવવાના બદલે શ્રીફળ હવન કરીને ગામ ખેડાની માતાને અરજ કરી કે, અમે હવેથી અમે કુકડા કે બકરાની બલી આપવાના બદલે શ્રીફળ વધેરીને અને શ્રીફળનો હવન કરીને ગામ ગજરાની વિધિ કરીશું. પંચ ત્યાં પરમેશ્વર મુજબ માતાજી આ વિચારને માન્ય રાખશે. તેવા ભાવ સાથે એક જીવ હત્યા કરવાની પરંપરા બંધ કરી અને જાતર અને ગામ ગજરાની વિધિમાં જીવ હત્યાના બદલે શ્રીફળની માનતા રાખવાની શરૂઆત કરી.

# દાહોદ શહેર અને જીલ્લામાં પીવાના પાણીની મુશ્કેલીઓને લઈ લોકોમાં ભારે રોષ

દાહોદ,

દાહોદ તાલુકાના ભાટીવાડા ગામે દર વર્ષે આંકરા ઉનાળામાં પાણી માટે ભારે વલખા મારવા પડે છે. સરકારની નલ સે જળ યોજના માત્રને માત્ર કાગળ પર જ હોવાનું આ ગામ સહિત જીલ્લામાં સામે આવ્યું છે. પાણીની ભાટીવાડા ગામમાં ભારે સમસ્યાને પગલે ગ્રામજનોમાં ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.



દાહોદ શહેર સહિત જીલ્લામાં દર વર્ષે આકરા ઉનાળામાં શહેર સહિત જીલ્લા ના વાસીઓને પાણી માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દાહોદ જીલ્લાના રાજકીય પક્ષો માત્રને માત્ર ચૂંટણી સમયે જ જાહેરાત લઈ અને જનતા ને લોભામણી જાહેરાતો લઈ જનતા વચ્ચે જોવા મળતા હોય છે અને લોલીપોક આપી ગાયબ થઈ જાય છે. જાહેર જનતાની સમસ્યાઓની તેઓ પર કોઈ અસર થતી નથી. પોતાનો અંગત સ્વાર્થ જ જોતા હોય છે. ચૂંટણી પત્યા પછી એકે નેતા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી લુપ્ત થઈ જતા હોય છે અને લોકોની સમસ્યાઓ ઠેરની ઠેર રહી જતી હોય છે. રાજકીય પક્ષોને માત્ર મતો સિવાય કશું જ જોવા મળતું ન હોય તેમ લાગી રહ્યું છે.

દાહોદ તાલુકાના ભાટીવાડા ગામે દર વર્ષે ઉનાળામાં ભાટીવાડા ગામના ગ્રામજનો પાણીની સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે. ગામમાં માત્ર એક જ કૂવો આવેલ હોવાથી ગામના લોકો પાણી માટે એક કુવા પર નિર્ભર રહેતા હોય છે અને તે પણ કેટલાક લોકો એક કિલોમીટર થી પણ દૂર થી આવી ગ્રામજનો ગામમાં આવેલ કુવા પર પાણી ભરવા આવવા મજબૂર બન્યા છે. ભાટીવાડા ગામમાં નલ સે જલ યોજના માત્રને માત્ર કાગળ પરજ હોવાનું સામે આવ્યું છે. પાણીની સમસ્યાને પગલે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પણ ચિંતાના વાદળો ઘેરાયા છે. કારણ કે, પોતાના સ્વજનો સાથે વિદ્યાર્થીઓ પણ પાણી ભરવા જતા હોવાથી તેઓનો અભ્યાસ પર માઠી અસર પડી રહી છે. પાણીની સમસ્યાની સાથે સાથે ગામમાં રસ્તાની સુવિધાના અભાવે પણ ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે સંબંધિત તંત્ર દ્વારા ભાટીવાડા ગામમાં પાણીનું સુવિધાની સાથે સાથે રસ્તાની સુવિધાની પણ વ્યવસ્થા કરાવવામાં આવે તેવી લાગણી અને માંગણી ગ્રામજનોમાં ઉઠવા પામી છે.




# લીમખેડાના હાંડી ફળીયાની સગીરાને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના હાંડી ફળિયા ગામેથી એક ૧૭ વર્ષિય સગીરાને એક યુવકે લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ગત તા.૧૧મી જુનના રોજ લીમખેડાના હાંડી ફળિયા ગામે નિશાળ ફળિયામાં રહેતો સતીષભાઈ શનાભાઈ ડામોરે લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષિય સગીરા પોતાના ઘરેથી લઘુશંકા માટે જવા નીકળતાં તે સમયે સતીષભાઈએ સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ સગીરાનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયાના નવીબેડી ગામે બોલેરો ગાડી માંથી ૧.૯૦ લાખ રૂપીયાનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નવીબેડી ગામે પોલીસે નાકાબંધી દરમ્યાન એક બોલેરો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૧,૦૨,૯૬૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૪,૧૨,૯૬૦ના મુદ્દામાલ સાથે ગાડીમાં સવાર ત્રણ પૈકી એકને ઝડપી પાડ્યાંનું જ્યારે અન્ય બે ઈસમો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૨મી જુલાઈના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆના નવીબેડી ગામે રોડ ઉપર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક બોલેરો ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ત્યારે દુરથી પોલીસને જોઈ ગાડીમાં સવાર ત્રણ ઈસમો ગાડી લઈ ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે તેઓનો ફિલ્મી ઢબે પીછો કરતાં ગાડીમાં સવાર જયેશભાઈ કાન્તીભાઈ રાઠવા (રહે. કોલરીયા, સુથાર ફળિયું, તા.જી. છોટાઉદેપુર) અને ભરતભાઈ કુલસીંગભાઈ રાઠવા (રહે. ખોડવાનીયા , તા.જી. છોટાઉદેપુર) નાઓ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતા. જ્યારે ગાડીમાં સવાર ફતેસીંગભાઈ રાઠવા (રહે. લગામી, તા.જી. છોટાઉદેપુર) નાને પોલીસે ઝડપી પાડી ગાડીની તલાસી હાથ ધરતાં ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૭૬૮ કિંમત રૂા.૧,૦૨,૯૬૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૪,૧૨,૯૬૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે સાગટાળા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# સરકારી ઈજનેરી કોલેજ, દાહોદના વિદ્યાર્થીઓ દ્વારા દાહોદ નગર પાલિકા ફાયર સ્ટેશનની મુલાકાત



દાહોદ,

સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ફાયર સેફટી અને રેસ્ક્યુ અંગેની તાલીમ માટે નગર પાલિકા ફાયર સ્ટેશનના વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિઝિટ દરમ્યાન સ્ટેશન ફાયર ઓફિસર દિપેશ જૈન દ્વારા વિદ્યાર્થીઓને ફાયરના પ્રકાર, ફાયર વખતે ઉપયોગમાં લેવાતા અગ્નિશામક સાધનો અંગે વિસ્તાર પૂર્વક માર્ગદર્શન આપવા સાથે પ્રેક્ટિકલ સાથે સમજાવવામાં આવ્યું હતું. ફાયર સ્ટેશનના અધિકારીઓ દ્વારા ફાયર વખતે લેવામાં આવતી સાવચેતી અને અનુસરવાના પગલાં વિષે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઈમરજન્સી રેસ્ક્યુ વાન વિષે ડેમોન્સ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું.

# ગરબાડા તાલુકાની સરકારી વિનયન કોલેજમાં વિદ્યાર્થીઓને મેરિટમાં નામ આવ્યા છતાં પ્રવેશ ન મળતા વિદ્યાર્થીઓમાં રોષ

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના નવા ફળિયા ખાતે આવેલ સરકારી વિનયન આર્ટ્સ કોલેજમાં વિદ્યાર્થીઓના મેરીટમાં નામ આવ્યા છતાં એડમિશન ના મળતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહી છે. ત્યારે આ બાબતે રજૂઆત કરાતા કોલેજના પ્રિન્સિપાલ દ્વારા તેમને જણાવવામાં આવી રહ્યું છે કે સીટો ફુલ થઈ ગઈ છે. તેના કારણે તમને એડમીશન નહીં મળે તેમજ એડમિશન માટે ગરબાડા ના ધારાસભ્યનો ભલામણ પત્ર લઈને ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી ખાતે જઈ તમે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ બાકી રહી ગયા છો તેની મંજૂરી લઈ આવો ત્યારે તમને એડમિશન આપવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગરબાડા તાલુકો આદિવાસી બાહુલ્યતા ધરાવતો જીલ્લો છે. જ્યાં મોટાભાગે આદિવાસી સમાજના લોકો વસવાટ કરતા હોય છે ગરબાડા તાલુકામાં એકમાત્ર સરકારી કોલેજ હોવાના કારણે આજુબાજુ વિસ્તારના બાળકો અભ્યાસ માટે નવા ફળિયા આર્ટ્સ કોલેજ ખાતે એડમિશન લેતા હોય છે. પરંતુ કોલેજમાં સીટો પૂરી થઈ જતા મેરીટમાં આવેલા વિદ્યાર્થીઓને પણ અભ્યાસ માટે ધરમ ધક્કા ખાવાનો વારો આવી રહ્યો છે. વિદ્યાર્થીઓ દ્વારા તેઓને એડમિશન આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે અને એડમિશન ન મળે તો ટૂંક સમયમાં હડતાલ પર ઉતરવાની ચીમકી આપી હતી. આ બાબતે શાળાના પ્રિન્સીપાલ જોડે વાત કરતા તેમને જણાવ્યું હતું કે કોલેજમાં ૪૦૦ વિદ્યાર્થીઓ માટે બેસવાની વ્યવસ્થા છે અને જે કોલેજ ચાલે છે તે મોડેલ સ્કૂલના બિલ્ડિંગમાં ચકે છે જેને ખાલી કરવા માટે મોડેલ સ્કૂલ દ્વારા નોટિસો પણ આપવામાં આવી છે અને અમારા પાસે કોલેજની બિલ્ડીંગ ન હોવાના કારણે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને અમે ભણાવી રહ્યા છીએ અને અમારે વધુ વિદ્યાર્થીઓને બેસાડવા માટે યુનિવર્સિટી માંથી મંજૂરી લઈએ તો અમારે વિદ્યાર્થીઓને બેસાડવા ક્યાં? તેમ જણાવ્યું હતું. આ બાબતે પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના પ્રશાસન સામે અનેક સવાલો ઉઠાવી રહ્યા છે. જ્યારે મેરીટ પડે છે ત્યારે બોલાવે છે અને અમે જઈએ છીએ ત્યારે કહે છે કે આજે આવજો કાલે આવજો અને મેરીટમાં અમારૂં નામ આવે તો મેરીટ પણ કોલેજની બહાર લગાડતા નથી. આ બાબતે ગરબાડા ના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરને પણ રજૂઆત કરવામાં આવી છે. મહેન્દ્રભાઈ ભાભોર દ્વારા બાકી રહેલા વિદ્યાર્થીઓને એડમીશન મળે તે માટે માટે ગુરૂ ગોવિંદ યુનિવર્સિટીને ભલામણ પત્ર લખવાની તજવીજ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.275

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરા તાલુકાના વાઘજીપુર પંચાયતની મહિલા સરપંચ અને મળતીયા વ્યકિતને ૨૫ હજારની લાંચની રકમ સાથે એસીબીએ ઝડપી



શહેરા,

શહેરા તાલુકાના વાઘજીપુર ગ્રામ પંચાયતના મહિલા સરપંચ દ્વારા સરકારી યોજનાના કામના ચુકવવાના થતાં ચેક ઉપર સહી કરવા માટે ૨૫ હ જારની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોય એસીબીમાં ફરિયાદ કરેલ હોય એસીબીએ છટકું ગોઠવીને સરપંચ તેમના ઘરમાં ૨૫ હજારની લાંચ લઈ અન્ય ખાનગી વ્યકિતને ગણીરાખવા આપેલ હોય બન્નેને એસીબીએ ઝડપ્યા હતા.પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના વાઘજીપુર ગ્રામ પંચાયતના મહિલા સરપંચ સવિતાબેન બાબુભાઇ બારીયાએ સરકારી યોજનાના કામના ચુકવવાના થતાં નાણાં માટે ચેક ઉપર સહી કરવા માટે ૨૫ હજાર રૂપીયાની માંગણી કરી હતી. વેલ્ડર પાસે સરકારી યોજના ચુકવાનો ચેક બનાવવા ૨૫ હજાર લાંચ આપવા માંગતા ન હોય જેથી ગોધરા એસીબી વિભાગનો સંપર્ક કરી ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું અને મહિલા સરપંચ સવિતાબેન બારીયાના ગોધરા ખાતેના નિવાસ સ્થાને ૨૫ હજારની લાંચ લીધી હતી અને પલાસ મયંકભાઇ ધર્માભાઈને લાંચની રકમ ગણવા આપી હતી. તેણે ગણીને ખિસ્સામાં મુકી દીધેલ હતી. દરમિયાન એસીબીએ રેઈડ કરી બન્ને ઝડપી પાડવામાં આવ્યા.

# ગોધરાની પોલન બજાર ઉર્દૂ કન્યા શાળામાં બાળ સંસદની ચૂંટણી યોજાઈ

ગોધરા,

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ પોલન બજાર ઉર્દૂ કન્યા શાળામાં બાળકોને ચૂંટણી પ્રક્રિયાથી અવગત કરવા તેમજ નેતૃત્વની કલાને ઉજાગર કરવા બાળસંસદનું સુંદર આયોજન હાથ ધરાયુ હતું. બાળસંસદ ચૂંટણીની આખી પ્રક્રિયા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બાળકો દ્વારા જ કરવામાં આવી હતી.આજરોજ પોલન બજાર ઉર્દૂ કન્યા શાળામાં બેલેટ પેપર દ્વારા વર્ગ પ્રતિનિધિ માટે મતદાન કરાવવામાં આવ્યું. જેમાં બાળકોને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અને મત ગણતરીની તેમજ મતના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી.

ધોરણ-૮માં પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે મોહન સાદિયા અને આ.પ્રિસાઈડિંગ તરીકે મુગલ સબિહાએ ફરજ બજાવી હતી. મતદાન સમય સવારે ૮.૩૦ થી ૯.૦૦ કલાક સુધી રાખવામાં આવ્યો. મતદાન શાંતપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થતા ૯.૧૫ કલાકે મત ગણતરી કરવામાં આવી. જેમાં પ્રથમ ક્રમે દાવ સના વિજેતા દ્રિતિય ક્રમે સમોલ આફિયા ત્રીજા ક્રમે દડી જુવેરીયાને શાળાના મુખ્ય શિક્ષક મેહબૂબ વાઢેલ સાહેબ દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યા. બાળકોએ ખૂબજ ઉત્સાહ સાથે આજના પર્વની ઉજવણી કરી હતી.

# કાલોલ પોલીસ સ્ટેશન ખાતે પવિત્ર મોહરમને લઈ શાંતિ સમિતિની મીટીંગ યોજાઈ

કાલોલ,

કાલોલ શહેરમાં આગામી દિવસોમાં આવનાર તાજીયા (મોહર્રમ)ની ઉજવણી કોમી અને એકલાસભર્યા વાતાવરણમાં ઉજવાય તે માટે કાલોલ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સી.બી. બરડા સમાજના બુદ્ધિજીવી નાગરિકો અને વિવિધ સમાજના આગેવાનો સાથે કાલોલ પોલીસ સ્ટેશન ખાતે રવિવારે સાંજના છ વાગ્યાની આસપાસ શાંતિ સમિતિની મીટીંગ યોજય હતી અને આ મીટીંગમાં દરેક સમાજના આગેવાનોને મોહરમ પર્વની ઊજવણી શાંતિપૂર્ણ માહૌલમાં થાય અને કોઈની લાગણી ન દુભાય તે માટે ઉપસ્થિત લોકોને અનુરોધ કર્યો હતા અને આ બેઠકમાં જણાવ્યુંપ હતું કે, તારીખ ૧૬,૧૭, જુલાઈ દરમિયાન મહોરમ(તાજીયા)નું પર્વ મનાવવામાં આવશે અને કાલોલ શહેરમાં સૌથી વધુ કલાત્મુક તાજીયા હોય છે. આ પર્વની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય તે માટે સમાજના આગેવાનોએ તમામ કાળજી રાખવા માટેની ખાસ તકેદારી રાખવા અપીલ કરી હતી અને આ શાંતિ સમિતિની મીટીંગમાં મુસ્લિમ સમાજ અગ્રણી તેમજ હિન્દુ સમાજના અગ્રણી સહિતના કાલોલ શહેર તાજીયા કમિટીના સંચાલકો આયોજકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ઈલેક્ટ્રીક વાયરને ઊંચા કરાવવા અંગે ઈલેક્ટ્રોનિક વિભાગ કેબલ કનેક્શન અને જીઈબી તંત્રનું ધ્યાન દોરવામાં આવશે તેવું પી.એસ. આઇ. સી.બી.બરડા દ્વારા જણાવવામાં આવ્યું હતું અને આ શાંતિ સમિતિની મીટીંગમાં દરેક સમાજના અગ્રણીઓ હાજર રહી મીટીંગને સફળ બનાવી હતી.

# શહેરા તાલુકાના ડેમલી ગામે સંબંધિત તંત્રના આર્શીવાદથી તળાવ માંથી ગેરકાયદેસર ખનન



શહેરા,

શહેરાનાં ટીબા પાટીયાથી છકડીયા તરફ જવાના માર્ગને અડીને આવેલા ડેમલી ગામના તળાવમાં સ્થાનિક અને જીલ્લાના સંબંધિત તંત્રના છુપા આશીર્વાદથી પાછલા કેટલાક દિવસોથી ગેરકાયદે ખનન થઈ રહયુ છે. તંત્રની મંજૂરી વગર તળાવ માંથી રેતી અને મોરમ કાઢીને ટ્રેક્ટરો સહિતના વાહનોમાં ભરીને હેરા ફેરી થઈ રહી છે. તળાવમાં આડેધડ ખોદકામ કરતા મોટા ખાડાઓ પણ પડી ગયા હોય ત્યારે અહી કોઈ બાળક કે મોટો વ્યક્તિ ન્હાવા પડે ત્યારે ઘટના બને તેવી શક્યતા હોવા સાથે સંબંધિત તંત્ર આ સામે કાર્યવાહી કરવામાં ખચકાઇ રહયુ તેમ લાગી રહયું છે.

શહેરાના ટીબા પાટીયાથી છકડિયા તરફ જવાના માર્ગ ઉપર આવેલા ડેમલી ગામના મુખ્ય તળાવમાં જીલ્લા અને સ્થાનિક સંબંધી તંત્રના છુપા આશીર્વાદ થી પાછલા કેટલાક દિવસોથી ગેરકાયદે ખનન થઈ રહ્યું છે.ગ્રામ પંચાયતની કચેરીની નજીકમાં આ તળાવ આવેલુ હોવા સાથે તળાવમાં ટ્રેક્ટર સહિતના વાહનોમાં રેતી અને મોરમ ભરીને હેરાફેરી થતી હોય છે. રસ્તાને અડીને આવેલ આ તળાવ માંથી દિવસ અને રાત્રિ દરમિયાન મોટા પાયે ગેરકાયદે ખનન થતું હોવાથી આ તળાવની સુંદરતામાં પણ ઘટાડો થતો જોવા મળી રહ્યો હતો. આ ડેમલી ગામનુ મુખ્ય તળાવ ૫૦ વીઘા કરતા મોટું હોવા સાથે પાણીનો જથ્થો હોવાથી પશુપાલકો પણ પોતાના પશુઓને પાણી પીવડાવવા માટે અહીં આવતા હોય છે.જયારે ખનીજ ચોરો દ્વારા આ તળાવમાં મસમોટા ઊંડા ખાડાઓ પાડી દીધા હોય ત્યારે અહી બાળક કે મોટુ વ્યક્તિ ન્હાવા પડે ત્યારે ઘટના પણ બની શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ અહી થઈ રહયુ હોય તેમ કહી શકીએ તો નવાઈ નહી. રસ્તાને અડીને આવેલ આ તળાવ માંથી લીઝ નહિ હોવા છંતા બેરોકટોક ઉંચી પહોંચ ધરાવતા મોટા માથાઓ દ્વારા રેતી અને મોરમ કાઢવામાં આવી રહી હોય ત્યારે જીલ્લા અને તાલુકાના સબંધિત તંત્રના છુપા આશીર્વાદ તો નથી કે શું? આ તળાવમાં અને આ ગામના આજુબાજુ વિસ્તારમાં આવેલ કુણ નદી અને કોતરમાં રેતી અને મોરમ કાઢીને ખનીજચોર સરકારી તિજોરી ને નુકશાન પહોંચાડી રહયા છે. ત્યારે જવાબદાર તંત્ર ને તેમના ઉચ્ચ અધિકારીઓ આદેશ કરે ત્યારબાદ અહીં કાર્યવાહી કરશે એવુ લાગી રહયુ છે. તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ખનીજ ચોરી વધતી જતી હોય તેમ છતાં સ્થાનિક વહિવટી તંત્ર અને જીલ્લાનું જે જવાબદાર ખાણ ખનીજ વિભાગ કુણ નદી, ડેમલી તળાવ, ઉમરપુર અને ખાંટના મુવાડા ગામ પાસે પસાર થતી કુણ નદી તેમજ નદીના પટ માંથી રેતી કાઢવામાં આવી રહી હોય ત્યારે ખનીજ ચોરી અટકે તે માટે અસરકારક કાર્યવાહી કરવા સંબંધિત તંત્ર શુભ મુહૂર્તની રાહ દેખી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

# શહેરા થી ભુરખલ દુધ ઉત્પાદક સહકારી મંડળીની સાધારણ સભામાં ચેરમેનની વરણી કરાઈ



શહેરા,

શહેરા તાલુકાના ભૂરખલ ગામ ખાતે આવેલી ધી ભુરખલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે સાધારણ સભા રાખવામાં આવી હતી. આ સાધારણ સભામાં ઉપસ્થિત સભ્યો દ્વારા પુનઃ ચેરમેન તરીકે કૃપાલસિંહ અનોપસિંહ પરમાર ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

શહેરા તાલુકાના ભુરખલ ગામમાં આવેલી ધી ભુરખલ દૂધ ઉત્પાદક સંઘ મંડળીની સાધારણ સભા ચેરમેન કૃપાલસિંહ પરમારની અદયક્ષતામાં રાખવામાં આવી હતી. આ સાધારણ સભામાં ઉપસ્થિત સભ્યોની ઉપસ્થિતિમાં મંડળીને લગતી મહત્વની ચર્ચાઓ કરવામાં આવા સાથે નવીન ચેરમેનની પણ વરણી કરવાની હોવાથી ઉપસ્થિત સભ્યો દ્વારા પુનઃ ચેરમેન તરીકે કૃપાલસિંહ પરમારની પસંદગી કરવામાં આવી હતી. દૂધ ડેરીમાં સારી કામગીરીને લઈને ચેરમેન તરીકે ફરીથી કૃપાલસિંહ અનોપસિંહ પરમારની વરણી કરવામાં આવ્યા બાદ કૃપાલસિંહને ઉપસ્થિત દૂધ મંડળીના સભ્યો અને જાગૃત ગ્રામજનો દ્વારા ફૂલોનું બુકે આપીને મો મીઠું કરાવીને અભિનંદન પાઠવ્યા હતા.

# પાવાગઢ નજીક વડોદરા-બારીયા બસના ચાલકને ત્રણ પોલીસ કર્મીઓ દ્વારા નીચે ઉતારી મારમારતાં ઈજાગ્રસ્ત ચાલકને સારવાર માટે સિવિલમાં ખસેડાયો

પાવાગઢ,

પાવાગઢ પાસે રવિવારના રોજ દર્શનાર્થીઓની ભીડને લઈ ટ્રાફિક જામ હોય ત્યારે વડોદરા થી બારીયા તરફ જતી એસ.ટી.બસના ચાલક ટ્રાફિકને લઈ ધીરેથી બસ હંકારતા લઈ જતા હતા. ત્યારે ત્રણ પોલીસ કર્મીઓ બસના ચાલકને બસ માંથી નીચે પાડી દઈ લાકડીઓ વડે મારમારી ઈજાઓ પહોંચાડતા બસ ચાલકને સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો. વડોદરા એસ.ટી. ડેપો ઉપરથી મુસાફરો ભરીને એસ.ટી.બસ બારીયા તરફ જઈ રહી હતી. બસના ચાલક મોહમદ સલીમ પાવાગઢ પાસે રવિવારના કારણે દર્શનાર્થીઓની ભારે ભીડ હોવાને લઈ પોતાની એસ.ટી.બસ ધીમેથી હંકારી આગળ વધી રહ્યા હતા. ત્યારે ત્રણ પોલીસ કર્મચારીઓ આવ્યા હતા અને એસ.ટી.બસના ચાલક્ને બસ આગળ લે તેમ કહેતા ટ્રાફિક વધારે છે કઈ રીતે લઉં તેમ કહેતા ત્રણ પોલીસ કર્મચારીઓ બસના ચાલકને દરવાજા માંથી નીચે પાડી દઈ લાકડીઓ વડે ગડદાપાટુનો મારમારી ઈજાગ્રસ્ત કરતાં બસ ચાલકને તાત્કાલીક સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યા. પાવાગઢ પાસે પોલીસ કર્મચારી દ્વારા બસના ચાલકને મારમારવાની ઘટનામાં એસ.ટી.વિભાગના વિભાગીય નિયામક દ્વારા પાવાગઢ પોલીસ મથકે પોલીસ કર્મીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવાની કાર્યવાહી ચાલુ છે અને આ પોલીસ કર્મીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

# રાજયકક્ષાની ગણિત સ્પર્ધામાં ગોધરાના વિદ્યાર્થીઓ વિજેતા થતાં એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું



ગોધરા,

તાજેતરમાં ગુજરાત રાજયકક્ષાની ગણિત સ્પર્ધામાં વડોદરા ખાતે યોજાઈ હતી. જેમાં ગોધરાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ પલ્લવ સર એકેડેમિકમાં અભ્યાસ કરી આ રાજયકક્ષાની ગણિત સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં વિવિધ રેન્કમાં સાડત્રીસ વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. અવિદ્યાર્થીઓનો સન્માન કરવાનો કાર્યક્રમ આજરોજ ગાયત્રી મંદિરના સભાખંડમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વિદ્યાર્થીઓ એવા પ્રીતરાજ સીસોદીયા અને ઈશીતા ઢાલાની પ્રથમ, હેત દેસાઈ અને જેનિસ આસનાની દ્વિતિય, ધાંની સાવલાની અને ધૈર્ય કામનાની તૃતીય, દિવ્ય શાહ અને અર્હમ બાવીશી ચતુર્થ, દેવર્ષિ સોલંકી પારથવી સોલંકી, અયાન સોની આદિત્ય લુહાના અને હેમિલ પટેલ પાંચમો ક્રમ મેળવેલ છે. આ સાથે બધા વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માન કર્યું હતું. એક ગોધરા શ્રેષ્ઠ ગોધરાના અધ્યક્ષ આશિત ભટ્ટ એ જણાવ્યું હતું કે, આ વિદ્યાર્થીઓએ ગોધરાનું નામ રાજયકક્ષા એ ઉજાગર કર્યું છે. ત્યારે વિદ્યાર્થીઓને અભિનંદન તો છે જ પરંતુ તેમના માતા પિતાને પણ હું ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું. પલ્લવ એકેડમીને પણ શુભેચ્છાઓ કે પલ્લવ અને તેમના સ્ટાફે આ વિદ્યાર્થીઓને હીરાની જેમ ચમકાવ્યા અને ગોધરાને ગૌરવ અપાવ્યું.આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિમાં શ્રીનાથજી જવેલર્સના મનોજભાઈ અને નયનભાઈ શેઠ, ડો. અલ્પેશભાઈ પટેલ, ડો. વિજયભાઈ પટેલ, શંભુપ્રસાદ શુક્લએ વિદ્યાર્થીઓને ટ્રોફી આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.=એક ગોધરા શ્રેષ્ઠ ગોધરાના મિતેષ પટેલ, દીપેશસિહ ઠાકોર, જયેશ ભરવાડ, દિનેશ પટેલ વિગેરે એ કાર્યક્રમ સફળ બનાવવા અથાક મહેનત કરી હતી.પલ્લવ એકેડમીના પલ્લવભાઈનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. મહેમાનોને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# વેજલપુર કાલંત્રા ચોકડી પાસે ઈક્કો કારના ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા રોડની સાઈડના ખાડામાં ખાબકી



વેજલપુર,

વેજલપુર કાલંત્રા ચોકડી પાસે ઈક્કો કારના ચાલકે સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા રોડની સાઈડના ખાડામાં ઈકકો ગાડી ખાબકી હતી. ઈકકો ગાડીમાં સવાર લોકોની નાની મોટી ઈજાઓ થતા સારવાર અર્થે એમ્બ્યુલન્સ દ્વારા દવાખાને ખસેડાયા હતા. મોડાસા રોડ આવેલ માલપુર ગામના લોકો ઈક્કો લઈ પાવાગઢ ખાતે દર્શન કરવા આવ્યા હતા અને પાવાગઢ દર્શન કરી માલપુર ગામ તરફ જતા ગોધરા વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ વેજલપુર ગામે કાલંત્રા ચોકડી પાસે ઈક્કો કારના ચાલકે સ્ટેરિંગ ઉપર નો કાબુ ગુમાવતા રોડની સાઈડના ખાડામાં ઈકકો ગાડી ખાબકી હતી. જેથી મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ રોડ ઉપરના રાહદારીઓએ ઈક્કો ગાડીમાં સવાર લોકોને બહાર કાઢી ઈક્કો ગાડીમાં સવાર ત્રણ વ્યક્તિને નાની મોટી ઈજાઓ થતા સારવાર અર્થે એમ્બ્યુલન્સ દ્વારા ગોધરા ખાતે દવાખાને ખસેડવામાં આવ્યા હતા અને ઈક્કો ગાડી રોડની સાઈડના ઊંડા ખાડામાં ખાબકતા મોટી દુર્ઘટના ટળી હતી. જેથી ગ્રામજનો તેમજ રાહદારીઓએ રાહત શ્વાસ લીધો હતા.

# આગામી મોહરમ તહેવાર અનુલક્ષીને જીલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની મીટીંગ યોજાઈ



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં પોલીસ હેડ કવાર્ટર તાલીમ કેન્દ્ર હોલ ખાતે આગામી સમયમાં આવી રહેલ મુસ્લિમોનો પવિત્ર મોહરમ તહેવાર કોમી એકતા અને ભાઇચારા સાથે શાંતિથી ઉજવણી થાય અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે જીલ્લા કક્ષાની શાંતિ સમિતિની બેઠક જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં આ બેઠકમાં ગોધરા નાયબ પોલીસ અધિક્ષક દેસાઈ,નાયબ પોલીસ અધિક્ષક વાડોદરિયા તથા જીલ્લાના પોલીસ અધિકારીઓ સહિત સમગ્ર જીલ્લાના કાલોલ, હાલોલ, શહેરા, મોરવા હડફ અને ગોધરા શહેર માંથી પધારેલા શાંતિ સમિતિના સૌ સભ્યો અને હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે આગામી સમયમાં આવી રહેલ મુસ્લિમ સમાજના તહેવાર પરસ્પર કોમી એકતા, ભાઈચારા અને સામાજીક સદભાવ સાથે શાંતિથી ઉજવણી કરવા ઉપસ્થિત સૌ શાંતિ સમિતિના સભ્યો અને હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનોને ઉપરોકત અધિકારીઓ અને સમાજના અગ્રણી સામાજીક આગેવાનો એ સંબોધન સહ વિનંતી કરી હતી.

# શહેરાના નવા વલ્લવપુર ગામે રોહિત સમાજના એક વ્યકિતને જીગ્નેશ મેવાણી ફોટો હટાવવા અને ફેસબુક સ્ટોરી મુકવા મારમારતાં શહેરા તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ સામે ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના નવાવલ્લવપુર ગામે રોહિત સમાજના એક વ્યક્તિને મોબાઈલ વોટ્સએપના ડી.પી.માં જીગ્નેશ મેવાણીનો ફોટો હટાવવા અને ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક સ્ટોરી મુકવાને લઈ માર મારવામાં આવ્યો. ભોગ બનનારની ફરિયાદના આધારે શહેરા તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ સહિત ૩ ની સામે ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

શહેરા તાલુકાના નવા વલ્લવપુરનો ૨૫ વર્ષીય યુવક નામે અજય નટવરભાઈ મકવાણા કોઈ કામસર નમતી બપોરના પોતાના ગામમાં ત્રણ રસ્તા તરફ જઈ રહ્યો તે દરમિયાનમાં જુના વલ્લવપુરના મહિપત જગદીશસિંહ સોલંકી લાલ રંગની બુલેટ લઈ ત્યાં આવી પહોંચ્યો હતો અને ફરિયાદીને તેના મોબાઈલના વોટ્સએપ પ્રોફાઈલ પિકચરમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીનો ફોટો છે, તે કાઢી લેવાનું જણાવ્યું હતું અને ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર જે સ્ટોરી મૂકે છે. જીગ્નેશ મેવાણીની તે પણ નહીં મુકવા જણાવ્યું હતું તો સાથે બુલેટ પર આવેલો શહેરા તાલુકા પંચાયતનો પૂર્વ ઉપપ્રમુખ સુરેશ મોહબ્બતસિંહ સોલંકીએ ફરિયાદી અજયને તમારે ઝાડુ બાંધી ફરવાનું હોય એની જગ્યાએ તમે ટાઈટ માઈટ થઈ ફરી રહ્યા છો. આ વખતે મહિપતસિંહે અજયનો કોલર પકડી પીઠના પાછળના ભાગે ગડદાપાટુનો માર મારવા લાગેલો તો પૂર્વ તાલુકા ઉપપ્રમખ સુરેશ મોહબ્બતસિંહે ગાલના ભાગે લાફો માર્યો હતો અને ત્રીજા ઈસમ દિગ્વિજયસિંહ પ્રવિણસિંહ પણ બરડાના ભાગે ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો અને જાતિવિષયક અપમાનીત કરવા લાગ્યા હતા. તે વખતે ગામનો ભગીરથ સોલંકી અને ફરિયાદીનો મહેમાન ત્યાં આવી પહોંચતા વધુ ગડદાપાટુના મારથી બચાવ્યો હતો. જો કે જતા જતા ત્રણે જણાએ પોલીસ સ્ટેશન જશે અને જાણ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. ત્યારબાદ ૧૦૮ને ફોન કરતા તે આવતા શહેરા સરકારી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવી જરૂરી દવા સારવાર લીધા બાદ ફરિયાદી અજય નટવરભાઈ પરમારે મહિપત જગદીશસિંહ સોલંકી, તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ સુરેશ મોહબ્બતસિંહ સોલંકી અને દિગ્વિજય પ્રવિણસિંહ સોલંકી તમામ રહે જુના વલ્લવપુર વિરુદ્ધ એટ્રોસિટી તેમજ મારામારીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્રણે આરોપીઓની સઘન શોધખોળ આદરી છે.

# કાલોલની નર્મદા કેનાલ સમા પુલ પાસે બે બાઈક અથડાતા એકનું ઘટના સ્થળે મોત : પાંચને ઈજા

કાલોલ,

કાલોલ તાલુકાના દેલોલ ખાતે રહેતા લાલાભાઈ ચંદુભાઈ રાઠોડ પોતાના સાઢુ અને સાળી સાથે કુંપાડના મુવાડા ગામે તેરમાની વિધિમાં શનિવારે ગયા હતા અને ત્યાંથી સાંજે મોટરસાઈકલ ઉપર પરત આવતા હતા. ત્યારે કાલોલ સમા પુલ થી કણેટીયા નર્મદા ગેટની વચ્ચે એક મોટર સાયકલ ચાલક GJ-35-M-9653ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાલભાઈની મોટરસાયકલને અકસ્માત કરતા લાલાભાઈને માથા અને કાન પર ઈજાઓ થઈ હતી અને તેઓ મરણ પામ્યા હતા. જયારે તેઓની પાછળ બેઠેલ તેમજ અકસ્માત કરનાર મોટરસાયકલ ચાલક અને તેની પાછળ બેઠેલ બે ઈસમોને શરીરે નાની મોટી ઈજાઓ અને ફેક્ચર થયા હતા. ઘટના સ્થળે કાલોલ પોલીસ પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે કાલોલ રેફરલ હોસ્પિટલમાં અને ત્યારબાદ ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે મૃતક લાલાભાઈ ઉ.વ. ૪૫ની લાશને પીએમ માટે કાલોલ રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. મૃતક્ના ભાઈ કંચનભાઈની ફરીયાદ આધારે પોલીસે ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ પીએસઆઈ એલ.એ.પરમારે શરૂ કરી છે.